**રાજ્યમાં વધુ ૩૪૭ નવા કેસ : અમદાવાદમાં ૨૬૮ : ગાંધીનગરમાં ૧૦**

**અપની નિગહ મેં હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના, તેરી પનાહમે હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના**


ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૬૨ | ૧૨ મે, ૨૦૨૦, મંગળવાર; વૈશાખ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં ૨૪ કલાકમાં વિક્રમી ૪૨૧૩ પોઝિટિવ કેસ

**દેશમાં ૯૭ના મોત : મૃત્યુઆંક ૨૨૦૬એ પહોંચ્યો : દેશમાં કુલ સંક્રમિતોનો આંકડો ૬૭૧૫૨ : ૩-૩ લોકડાઉન છતાં ભારતમાં કોરોના પોઝીટીવના કેસોમાં વધારો : હોમ આઇસોલેશનની ગાઈડલાઈનમાં ફેરફાર કરાયા : રિકવરી રેટ ૨૯ ટકા અને ડેથ રેટ ૨.૫ ટકા હોવાથી કોરોના સામેની લડાઈમાં હકારાત્મક પરિણામની આશા**

ન્યુ દિલ્હી,તા.૧૧

દેશમાં કોરોના લોકડાઉન-૩ની મુદત ૧૭મેના રોજ પૂરી થઈ રહી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પાંચમી વખત રાજ્યોના સીએમ સાથે બેઠક યોજીને લોકડાઉન ઘટાડવુ કે વધારવુ તે અંગે વિચારવિમર્શ હાથ ધર્યો હતો. તો બીજી તરફ આવતીકાલ ૧૨મીથી સ્પેશ્યલ ટ્રેનો દિલ્હીથી વિવિધ શહેરો વચ્ચે શરૂ છઈ રહી છે. ૩-૩ લોકડાઉન છતાં ભારતમાં કોરોના પોઝીટીવના કેસોમાં વધારો થયો છે અને છેલ્લાં ૨૪ કલાકમાં અત્યારસુધીમાં સૌથી વધારે રેકોર્ડબ્રેક સમાન ૪ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા.,

સૂત્રોએ જણાવ્યું હતું કે, દેશમાં તમામ પ્રયાસો છતાં પણ કોરોના વાયરસ(કોવિડ-૧૯)નુ સંકટ ઝડપથી વધી રહ્યુ હોય તેમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે સોમવારે જણાવ્યુ કે હવે



ભારતમાં કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની સંખ્યા વધાને ૬૭,૧૫૨ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૪૨૧૩ કેસો સામે આવ્યા છે. ૨૪ કલાકમાં ૧૧૧ લોકોના મોત થયા જેમાં, મુંબઈમાં સૌથી વધુ ૫૩ દર્દીઓએ જીવ ગુમાવ્યા હતા. દેશમાં કોરોના વાઈરસના કારણે મરનારા લોકોની સંખ્યા વધીને ૨,૨૦૬ થઈ ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

## વિશ્વમાં કેસોની સંખ્યા ૪૨૦૬૯૬૨ પહોંચી

**એક્ટિવ કેસની સંખ્યા ૨૪ લાખથી પાર પહોંચી**

નવી દિલ્હી,તા.૧૧

સમગ્ર દુનિયા કોરોના વાયરસના પ્રકોપથી ત્રાહિમામ પોકારી ગઈ છે. વિશ્વ ૨૧૦ દેશોમાં કોરોના વાયરસનો કહેર યથાવતરીતે જારી રહ્યો છે. સુપર પાવર અમેરિકા અને સ્પેન તેમજ ઈટાલી જેવા દેશો કોરોનાની સામે જંગ હારતા દેખાઈ રહ્યા છે. અમેરિકા અને સ્પેન સહિતના દેશોમાં કેસોની સંખ્યા સૌથી વધારે છે. ચીનમાં આ વાયરસ ફેલાઈ જતા પહેલા સેન્ટ્રલ હુબેઈ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો. કોરોના વાયરસને ફેલાવવામાં ચીનના વુહાન શહેરની ભુમિલાને લઈને અમેરિકાએ ડબલ્યુએચઓ પર ચીનનો પક્ષ લેવાનો આક્ષેપ કર્યો હતો. આ સંદર્ભે ડબલ્યુએચઓએ પ્રતિક્રિયા પણ આપી હતી. કોરોના વાયરસને લઈને વિશ્વએ ચીન પર આરોપ લગાવ્યો હતો કે, પોતાના ત્યાં વાયરસને ફેલાતો રોકવાના પ્રયાસો યોગ્ય રીતે થઈ રહ્યા નથી. વિશ્વભરમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા વધીને ૪૨૦૬૯૬૨ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો હવે ૪૨ લાખથી પણ ઉપર થઈ ગયો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૧૫૦૪૪૦૬ સુધી પહોંચી ગઈ છે જયારે એક્ટિવ કેસોની સંખ્યા ૨૪૧૮૨૨૨ પર પહોંચી ચુકી છે. આવી જ રીતે દુનિયામાં મોતનો આંકડો પણ વધીને ૨૮૪૩૩૪ ઉપર પહોંચી રહ્યો છે.

## આજથી લોકડાઉન વચ્ચે ટ્રેન સેવા આરંભાશે

**આજથી ૧૫ ટ્રેનોને બહાલી આપી દેવાઈ : આ ૧૫ ટ્રેનો હવે નવી દિલ્હીથી દોડશે**

નવી દિલ્હી, તા. ૧૧

તાળાબંધી વચ્ચે મંગળવારથી ૧૫ ટ્રેનોને લીલી ઝંડી આપી દેવામાં આવી છે. આ ૧૫ ટ્રેનો નવી દિલ્હી રેલ્વે સ્ટેશનથી દોડશે. આ માટે બુકિંગ સોમવારે સાંજે ૪ વાગ્યાથી શરૂ થવાનું હતું પરંતુ બુકિંગ શરૂ થઈ શક્યું ન હતું અને મુસાફરો નિરાશ થયાની લાગણી અનુભવી હતી. યુઝર્સની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને આઈઆરસીટીસીએ ટ્વિટ કર્યું છે કે તેણે કહ્યું છે કે બુકિંગ ટૂંક સમયમાં શરૂ થશે. આઈઆરસીટીસીએ પોતાના ટ્વિટમાં કહ્યુ હતું કે, ખાસ ટ્રેનોની માહિતી સિસ્ટમમાં અપલોડ કરવામાં આવી રહી છે. બુકિંગ ટૂંક સમયમાં શરૂ થશે. આઈઆરસીટીસી વેબસાઈટમાં વિશેષ ટ્રેનોને લગતા ડેટા આપવામાં આવી રહ્યા છે. ટ્રેનની ટિકિટ બુકિંગ ટૂંક સમયમાં મળી જશે. કૃપા કરી પ્રતીક્ષા કરો. અસુવિધા બદલ દિલગીર છે.

## છેલ્લે... છેલ્લે...

- પૂર્વ પ્રધાનમંત્રી મનમોહનસિંહની તબિયત સ્થિર છે અને તેઓનો કોરોના ટેસ્ટ નેગેટિવ આવ્યો છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દરેક રાજ્યને પોતપોતાના ઝોન નક્કી કરવા નિર્દેશ કર્યો છે.
- પૂર્વ સંરક્ષણ મંત્રી મુલાયસિંહ યાદવની તબિયત લથડતા હોસ્પિટલમાં દાખલ.
- રશિયાના રાષ્ટ્રપતિ પુતિને આર્થિક શટડાઉનને પુરું થયેલું જાહેર કર્યું.
- બાંગ્લાદેશને ડુંગળી સપ્લાય કરવા ભારતીય રેલવેએ દોડાવી સ્પેશ્યલ ટ્રેન.
- અમદાવાદ કોર્પોરેશનમાં વધુ બે ઉચ્ચ અધિકારીઓને કોરોના પોઝિટિવ આવતા વહીવટી તંત્રમાં ફફડાટ
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો.

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૨૩૪૦૧ |
| ગુજરાત | ૮૫૪૨ |
| તામીલનાડુ | ૮૦૦૨ |
| દિલ્હી | ૭૨૩૩ |
| રાજસ્થાન | ૩૯૪૦ |
| મધ્યપ્રદેશ | ૩૭૮૫ |
| ઉત્તરપ્રદેશ | ૩૫૭૩ |
| પશ્ચિમબંગાળ | ૨૦૬૩ |

# ગામડાઓને કોરોના સંકટથી મુક્ત રાખીએ : મોદી

**વિડિયો કોન્ફરન્સ દ્વારા મોદીની તમામ મુખ્યમંત્રીઓ સાથે બેઠક : દરેક પરિસ્થિતિમાં ગામડાઓને સંકટથી મુક્ત રાખવું જરૂરી : વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા બેઠકમાં મોદીએ રાજ્યોના પ્રયત્નોની ભારે પ્રશંસા કરી : વંદેભારત મારફતે ૪ હજાર લોકોને સ્વદેશ પરત લવાયા : ગૃહમંત્રાલય**



નવીદિલ્હી, તા. ૧૧

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોવિડ -૧૯ રોગચાળો અંગે મુખ્યમંત્રી સાથે વાત કરીઃ કોરોના વાયરસ સામેના લડતના આગલા તબક્કાની વ્યૂહરચના અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજી. વીડિયો કોન્ફરન્સિગ દ્વારા આ બેઠકમાં તેમણે રાજ્યોના પ્રયત્નોની પ્રશંસા કરી અને ભવિષ્યમાં બે યાર્ડ પર ધ્યાન કેન્દ્રિત કરવા હાકલ કરી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ, તમામ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ સાથે કોવિડ -૧૯ ની સમીક્ષા બેઠકમાં ગામોને કોરોના સંકટથી દૂર રાખવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે લોકડાઉન હળવી થયા પછી અમારા સમક્ષ સૌથી મોટો પડકાર એ છે કે ગામોની કોરોના મુક્ત રાખવી

અને અમારે આ સુનિશ્ચિત કરવું પડશે. વડા પ્રધાને બે યાર્ડ્સના મંત્રનો પુનરાવર્તન કરતા કહ્યું કે સામાજિક લંબાઈ આ લડતમાં સૌથી અસરકારક શસ્ત્ર છે. વડા પ્રધાને કહ્યું કે, આજે આખું વિશ્વ કોરોના સંકટને પહોંચી

● અનુસંધાન પાન-૭ પર

## રેડ ઝોન સિવાય લોકડાઉન હળવું કરવા મુખ્યમંત્રીઓની બેઠકમાં એક સૂર

નવી દિલ્હી, તા.૧૧

પ્રધાનમંત્રીની મુખ્યમંત્રીઓની સાથેની બેઠકમાં મોટાભાગના મુખ્યમંત્રીઓએ રેડઝોન વિસ્તારો સિવાય લોકડાઉન હળવું કરવું જોઈએ. આ ઉપરાંત જાહેર વાહન વ્યવહાર, મોલ્સ અને થિયેટર હજુ પણ એક મહિનો બંધ રાખવા સર્વાનુમતે ભલામણ કરવામાં આવી હતી.

તેલંગણા, તામીલનાડુ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીઓએ રેલ વ્યવહારના આરંભ સામે પણ વિરોધ કર્યો હતો. જ્યારે મહારાષ્ટ્ર, પંજાબ, બિહાર, તેલંગણા અને આસામ લોકડાઉનને ૩૧મી સુધી લંબાવવા માંગણી કરી છે.

## ચિદમ્બરમે ટ્રેનો શરૂ કરવાના મોદી સરકારના નિર્ણયને આવકાર્યો

ન્યુ દિલ્હી,તા.૧૧

કોરોના મહામારીના કારણે દેશમાં ઘોષિત લૉકડાઉનના કારણે બંધ પેસેન્જર ટ્રેનો ૧૨ મેથી ફરીથી ચાલુ થશે. આ દરમિયાન બીજા રાજ્યોમાં ફસાયેલા લોકો અને જરૂરી કામ બીજી જગ્યાએ જતા લોકો મુસાફરી કરી શકે છે.

સરકારના આ નિર્ણયનુ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય નાણામંત્રી પી ચિદમ્બરમે સ્વાગત કર્યુ છે. તેમણે કહ્યુ કે અમે આંતરરાજ્ય પેસેન્જર ટ્રેનોના સંચાલને સાવચેતીપૂર્વક શરૂ કરવાના સરકારના નિર્ણયનુ સ્વાગત કરીએ છીએ. માર્ગ પરિવહન અને હવાઈ પરિવહનને પણ આ રીતે શરૂ કરવુ જોઈએ.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૪૨૨૩૩૫૧ | ૨૮૫૦૬૩ | ૧૩૮૯૮૧૨ |
| ભારત | ૭૦૬૩૮ | ૨૨૫૫ | ૨૧૭૬૯ |
| ગુજરાત | ૮૫૪૨ | ૫૧૩ | ૨૭૮૦ |
| ગાંધીનગર | ૧૩૯ | ૦૬ | ૩૮ |

## કોરોના સંકટ વચ્ચે સરકાર વધુ એક રાહત પેકેજ જાહેર કરે તેવી શક્યતા

ન્યુ દિલ્હી,તા.૧૧

કેન્દ્ર સરકાર ચાલુ સપ્તાહે બહુપ્રતિક્ષિત બીજું સ્ટિમ્યુલસ પેકેજ જાહેર કરે તેવી શકયતા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર પેકેજમાં નાના બિઝનેસ માટે તરલતાની સમસ્યા હળવી કરવા ક્રેડિટ ગેરંટી સ્કીમ તેમજ પરપ્રાંતિય કામદારો માટે રોકડ સહાય પણ સામેલ હશે. પેકેજનો પ્રથમ ભાગ લગભગ તૈયાર થઈ ચૂકયો છે અને ચાલુ સપ્તાહે તે જાહેર કરવામાં આવશે.

**નાના બિઝનેસ માટે ક્રેડિટ ગેરન્ટી સ્કીમ, પરપ્રાંતિય કામદારો માટે રોકડ સહાય જાહેર થશે**

અધિકારીઓના જણાવ્યા અનુસાર લોકડાઉનનો ત્રીજો તબક્કો ૧૭ મેના રોજ પૂરો થઈ રહ્યો છે. સરકાર અર્થતંત્રની સ્થિતિની સમીક્ષા કરી રહી છે ત્યારે પેકેજની જાહેરાત તબક્કાવાર ધોરણે કરાશે. ત્યાર પછી સૌથી વધુ નુકસાન વેઠનારા સર્વિસિસ સેકટર માટે પેકેજ આવશે. નાણાપ્રધાન નિર્મલા સીતારામન અને નાણામંત્રાલયના અધિકારીઓએ વડાપ્રધાન મોદી અને વડાપ્રધાન કાર્યાલયના અધિકારીઓ સાથે પેકેજના વિવિધ પાસાં નક્કી કરવા શ્રેણીબદ્ધ બેઠકો કરી હતી.ૅઁ સમગ્ર પ્રક્રિયા પર ચાંપતી નજર રાખે છે અને તે વિવિધ પક્ષકારો સાથે સીધા સંપર્કમાં છે. સરકારે ચાલુ વર્ષ માટે ઋણનો લક્ષ્યાંક અગાઉના રૂા.૭.૮ લાખ કરોડ (બજેટનો અંદાજ) થી વધારી રૂા.૧૨ લાખ કરોડ કર્યો છે તેનો અમુક હિસ્સો સ્ટિમ્યુલસ પેકેજ માટે વાપરવામાં આવશે.

અગાઉ સરકારે રૂા.૧.૭ લાખ કરોડનું પેકેજ જાહેર કર્યુ હતું. જેમાં ગરીબોને ૨૫ માર્ચે લોકડાઉનનો અમલ શરૂ થયો ત્યાર પછી તરત રોકડ સહાય, વિનામૂલ્યે અનાજ અને રાંધણ ગેસની વેચણી કરવામાં આવી હતી. ક્રેડિટ ગેરીં સ્કીમને પગલે બેંકો માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝીસને ધિરાણ કરવામાં ખચકાટ નહીં અનુભવે. ઉપરાંત, પરપ્રાંતિય કામદારોને નાણાકીય સહાયના મુદ્દાને પણ અગ્રિમતા આપવામાં આવશે.

PSU બેંકોએ રૂા.૩૦,૦૦૦ કરોડના ગેરંટી ફંડનું સૂચન કર્યું છે જે ત્રણ-ચાર વર્ષમાં ઉભું કરી શકાશે. અધિકારીના જણાવ્યા અનુસાર આવું ફંડ લગભગ રૂા. ૩ લાખ કરોડની લોન માટે ૧૦૦ ટકા સુધીની ગેરંટી આપશે. જો કે, સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા અને જાહેર ક્ષેત્રની બેંકોએ ગેરંટીનો આંશિક બોજ વેઠવાનો રહેશે.

## ‘વંદે ભારત મિશન’ હેઠળ ૩૨૬ ભારતીયોને લંડનથી દિલ્હી લવાયા

**અમેરિકામાં ફસાયેલા ૨૨૫ ભારતીય નાગરિકો વતન પરત**

ન્યુ દિલ્હી,તા.૧૧

લંડનમાં ફસાયેલા ૩૨૬ જેટલા ભારતીયો આજે વહેલી સવારે દિલ્હી પહોંચ્યા હતા. તેઓ વંદે ભારત ઈવેક્યુએશન મિશન હેઠળ એર ઈન્ડિયાની વિશેષ ફલાઈટમાં દિલ્હીમાં સવારે ૧૨.૩૦ કલાકે ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ઊતર્યા હતા.

આ પહેલા રવિવારે સાંજે રિયાધથી આશરે ૧૩૯ જેટલા ભારતીયો રાષ્ટ્રીય કેરિયરની ફલાઈટમાં ૅઁઈ એરપોર્ટ પર પહોંચ્યા હતા. વંદે ભારત મિશન હેઠળ ચોથા દિવસ દરમ્યાન એર ઈન્ડિયા અને એની સબસિડિયરી એર ઈન્ડિયા એક્સપ્રેસ ભારતીય પેસેન્જરોને યુકે, બંગલાદેશ, ફિલિપિન્સ, અમેરિકા, સિંગાપોર અને ગલ્ફ દેશોમાંથી દેશનાં અનેક શહેરોમાં પરત લાવી રહી છે.

આ કોરોના વાઈરસના રોગચાળા દરમ્યાન ફસાયેલા ભારતીયોને સ્વદેશ લાવવા માટે એક મિશન ચાલી રહ્યું છે, જેના ભાગરૂપે ભારતીય સરકાર વિદેશમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવાના પ્રયાસો કરી રહી છે અને મોટા પ્રમાણમાં ‘વંદે ભારત મિશન’ હેઠળ એર ઈન્ડિયા અને તેની સહાયક કંપની એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા સાત મેથી આ માટે ફલાઈટો શરૂ કરવામાં આવી છે.

એર ઈન્ડિયા ગ્રુપ કુલ ૬૪ ફલાઈટ્સ દ્વારા ભારતીયોને લાવશે અને આ મિશન હેઠળ ૧૨ દેશોમાં ફસાયેલા ૧૪,૦૦૦ ભારતીયોને પરત લાવશે.

આ મિશન અંતર્ગત અમેરિકાનાં સેન ફ્રેન્સિસ્કોથી ૨૨૫ ભારતીયોને લઈને એર ઈન્ડિયાનું પહેલું વિમાન મુંબઈ એરપોર્ટ પર પહોંચ્યું છે. યુ.એસ.નાં સેન ફ્રેન્સિસ્કો શહેરથી ૨૨૫ ભારતીયોને લઈને આ વિશેષ એર ઈન્ડિયા વિમાન સોમવારે વહેલી સવારે મુંબઈ પહોંચી ગયું હતું. વિદેશ પ્રધાન એસ જયશંકરે ખુદ ટ્વિટ કરીને આ માહિતી આપી છે.